# ગુજરાત રાજ્યના જાણીતા સમાજશાસ્ત્રી રમેશ મકવાણાને ગ્લોબલ રોલ મૉડેલ ઍવોર્ડ




ગાંધીનગર, તા. ૧૨

તાજેતરમાં વૈશ્વિક શિક્ષક દિન નિમિત્તે માનવ વિકાસ લોકસેવા સંસ્થા દ્વારા ગ્લોબલ ટીચર્સ કૉન્ફરન્સ સાવરકર હૉલ, મુંબઈ ખાતે યોજાઈ હતી, જેમાં સમગ્ર ભારતમાંથી ત્રણ હજાર પ્રૉફેસર્સ, શિક્ષકોએ ભાગ લીધો હતો. આ કૉન્ફરન્સનું ઉદ્‌ઘાટન શિક્ષણવિદ્ અને પદ્મશ્રી ડૉ. વિજયકુમાર શાહે કર્યું હતું અને ૨૧મી સદીમાં શિક્ષકોની ભૂમિકા પર મનનીય પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે મધ્યપ્રદેશના પૂર્વ રાજ્યપાલ માતા પ્રસાદજી તથા અનેક શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાએ ભારતભરમાંથી શિક્ષણ ક્ષેત્રે સંશોધન, વિદ્યાર્થી વિકાસ અને શિક્ષકની ભૂમિકા સંદર્ભે અંગ્રેસર કામગીરી કરનારા પ્રૉફેસર્સના બાયોટેડા મંગાવ્યા હતા, તેમાંથી નોંધપાત્ર કામગીરી કરનારા પ્રૉફેસર્સને ગ્લોબલ ટીચર્સ રોલ મૉડેલ ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ગુજરાતની સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. રમેશ મકવાણાનો આ ઍવોર્ડ ડૉ. વિજયકુમાર શાહના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

પ્રૉ. મકવાણાએ અત્યાર સુધીમાં જુદા-જુદા વિષયના લગભગ પાંચ હજાર વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. તેમણે અભ્યાસ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને નોકરી માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓના સશક્તિકરણનું કામ કર્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ ૪૩ વિદ્યાર્થીઓએ પીઍચડીની પદવી અને બાવન વિદ્યાર્થીઓએ ઍમફિલની પદવી પ્રાપ્ત કરી છે. આ પૈકીના ત્રણેક ડઝન વિદ્યાર્થીઓએ રાજીવ ગાંધી ફૅલોશીપ, જેઆરઍફ ફૅલોશીપ અને મૌલાના આઝાદ ફૅલોશીપ પ્રાપ્ત કરી છે. ફૅલોશીપના પરિણામે ગરીબ અને પછાત કુટુંબના વિદ્યાર્થીઓ પોતાનું પીઍચડી અને ઍમફિલ જેવી પદવીનું સપનું સાકાર કરી શક્યા છે.

પ્રૉ. રમેશ મકવાણાનું સવિશેષ પ્રદાન સંશોધનક્ષેત્રે રહ્યું છે. તેમણે યુજીસી અનુદાનિત છ સંશોધન પ્રૉજેક્ટ પૂર્ણ કર્યા છે. તે પૈકી સૌથી ચોંકાવનારું સંશોધન ગુજરાતની ૬૦૦ દલિત અને આદિવાસી મહિલા સરપંચોની કામગીરી, સમસ્યાઓ અને ઉકેલો પર છે. તેમણે સરપંચોની કામગીરીમાં અનુકૂલન અને સમાયોજન સાધવાની તાલીમ અને કૌશલ્યો શીખવવાનું અત્યંત ઉપયોગી કાર્ય કર્યું છે, એટલું જ નહીં સરપંચોની નીતિ અને તેના આયોજનમાં રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે સક્રિય કામગીરી પણ બજાવી છે. સામાજિક સમસ્યાઓ, કુરિવાજો જેવા વિષયો ઉપર તેમણે ૧૯ પુસ્તકો લખ્યાં છે, ૭૪ સંશોધન લેખો અને ૧૪૨ સંશોધનપત્રો દેશમાં યોજાતા વિવિધ સૅમિનાર્સમાં રજૂ કર્યા છે.

ઉલ્લેખનીય છે કે આ ઍવોર્ડ અગાઉ તેમને ભારત શિક્ષા રત્ન ઍવોર્ડ, સરદાર પટેલ ઍવોર્ડ, ડૉ. આંબેડકર ઍવોર્ડ, ડૉ. વીરભદ્રસિંહજી ઍવોર્ડ પ્રાપ્ત થયા છે અને અનેક સંસ્થાઓએ તેમને પ્રશસ્તિપત્રો એનાયત કર્યા છે. હાલ તેઓ ગુજરાતની અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સક્રિયપણે સંકળાયેલા છે અને સામાજિક સેવાનાં કાર્યો બજાવી રહ્યાં છે.

# ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઔદ્યોગિક એકમની મુલાકાત






ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા ઔદ્યોગિક એકમની મુલાકાતનું આયોજન વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે કરવામાં આવ્યું હતું, જેમાં ૪૫૦થી પણ વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

૨૦ પ્રાધ્યાપકોના સીધા માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને ૮ અલગ અલગ બૅચમાં વિભાજિત કરી સળંગ ૪ દિવસ સુધી ખેડા જિલ્લાના ગોબલજ તાલુકામાં કાર્યરત 'હિન્દુસ્તાન કોકાકોલા બેવરેજીસ પ્રા. લિ.'ની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ કોકા-કોલા ગ્રુપના તમામ ઉત્પાદકર્તા યુનિટની મુલાકાત લઈ રો મટિરિયલ, પર્ચેઝીંગ, ગ્લાસ બૉટલ ક્લીનીંગ પ્લાન્ટ, પ્લાસ્ટિક બૉટલ મૅન્યુફૅક્ચરીંગ પ્લાન્ટ, વૉટર પ્યુરીફિકેશન, બૉટલ રિફિલીંગ પ્લાન્ટ, પ્રૉડક્ટ ટેસ્ટીંગ પ્લાન્ટ, વૅરહાઉસ મૅનેજમૅન્ટ, ડેટા મૅનેજમૅન્ટ, પ્રૉડક્ટ ડિસ્ટ્રીબ્યુશન, ક્વૉલિટી કન્ટ્રોલ અને ક્વૉલિટી ટેસ્ટીંગ જેવા વિભાગોની કાર્યશૈલી જાણી અને દરેક યુનિટની વિસ્તૃત માહિતી મેળવી હતી.

પ્લાન્ટ અને એકમના સમગ્ર વિસ્તારને ડસ્ટ ફ્રી જાળવવા ફૅક્ટરી સ્ટાફ દ્વારા મુલાકાતીઓને ફરજિયાતપણે સૂઝ અને સોક્સ પહેર્યા હોય એની તકેદારી રખાવવામાં આવે છે અને મુલાકાતીઓની સુરક્ષા માટે તેમને સતત માર્ગદર્શન અપાય છે.

વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રીની માગને પહોંચી વળે અને ઈન્ડસ્ટ્રીની કાર્યદક્ષતા અનુસાર અભ્યાસ કરી ઉચ્ચતમ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે તેવા ઉમદા આશયથી આ વિઝીટનું આયોજન સંસ્થાના ડિરેક્ટર ડૉ. ઍમ ઍમ શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# મનોરંજન

## સિનેમેક્સ

**સ્ક્રીન-૧**
ઉડી ધ વૉક (હિન્દી)
૯.૦૦, ૧૧.૪૫,
૫.૧૫, ૧૦.૪૫
તલવાર
૨.૩૦, ૮.૦૦
બાંકે કી ક્રેઝી બારાત
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૦૦, ૧.૦૦,
૪.૦૦, ૧૦.૧૦
રૂદ્રમા દેવી (તેલુગુ)
૭.૦૦

**સ્ક્રીન-૩**
સિંઘ ઈઝ બ્લિંગ
૧.૦૫, ૭.૧૦
બાંકે કી ક્રેઝી બારાત
૪.૧૦

**સ્ક્રીન-૪**
જઝ્બા
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫
૭.૧૫, ૧૦.૧૫

## સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
જઝ્બા
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૧૫
તલવાર
૭.૧૫

**સ્ક્રીન-૩**
ધ વૉક (હિન્દી, ૩ડી)
૧૨.૩૦, ૧૦.૧૫
ધ વૉક (અંગ્રેજી, ૩ડી)
૩.૦૦, ૭.૪૫
ધ માર્શીયન (અંગ્રેજી, ૩ડી)
૫.૧૫

**સ્ક્રીન-૪**
તલવાર
૧૦.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૪.૦૦, ૭.૧૫
રુદ્રમા દેવી
૧.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૫**
જઝ્બા
૧૦.૦૦
તલવાર
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
સિંઘ ઈઝ બ્લિંગ
૬.૪૫

## આજે જય અંબે પરિવાર દ્વારા અખંડ જ્યોતનું સ્થાપન

ગાંધીનગર, તા. ૧૨

શ્રી જય અંબે પરિવાર દ્વારા ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા પરિસરમાં અંબાજીની અખંડ જ્યોતનું સ્થાપન મંગળવારે કરવાનું આયોજન કરાયું છે.

પરિવારની એક અખબારી યાદીમાં જણાવ્યાનુસાર પરિવારના ભક્તો ભાદરવા માસમાં અંબાજીની પદયાત્રા કરી 'મા' જગદંબાના ચરણોમાં શીષ નમાવી આગામી નવરાત્રીમાં પોતાના ગામ-શહેરમાં આયોજિત નવરાત્રી મહોત્સવમાં પધારવા 'મા'ને આમંત્રણ પાઠવે છે.

એ ક્રમમાં આ વર્ષે અંબાજી મંદિરમાંથી 'મા'ને અખંડ જ્યોતિ સ્વરૂપે ગાંધીનગર લાવવામાં આવશે અને પ્રથમ નોરતાની સાંજે ૪.૩૦ કલાકે સૅક્ટર-૧૩ બીના શક્તિ ચોકમાંથી વાજતેગાજતે રથ લઈ ગ-૩, ઘ-૩ થઈ સૅક્ટર-૬માં લાવી ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં સ્થાપિત માંડવડી મધ્યે પવિત્રતાપૂર્વક સ્થાપન કરવામાં આવશે. આ કારણે ખેલૈયાઓમાં ગરબે ઘૂમવાનો આનંદ બેવડાશે અને ભાવિકોને સાક્ષાત 'મા'નાં દર્શન કર્યાનો ભાવ પ્રગટશે.

# સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા બ્રહ્મ બહેનો માટે ફરતા ગરબા સ્પર્ધા

ગાંધીનગર, તા. ૧૨

નવરાત્રી પર્વ નિમિત્તે સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા બ્રહ્મ બહેનો માટે ફરતા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહિલા પાંખનાં મહામંત્રી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાયે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે સ્પર્ધા બ્રહ્મભવન, સૅક્ટર-૧૬ ખાતે યોજવામાં આવશે. સ્પર્ધા વિવિધ વયજૂથમાં યોજાશે. પાંચથી ૧૦ વર્ષ, ૧૧થી ૨૦ વર્ષ, ૨૧થી ૩૫ વર્ષ, ૩૬થી ૫૦ વર્ષ, ૫૧થી ૬૦ વર્ષ અને તેથી વધુ વયની બહેનોનું જૂથ નિયત કરવામાં આવ્યું છે, જે અંતર્ગત સ્પર્ધા યોજાશે.

આ ગરબા સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક બ્રહ્મ બહેનોને પોતાનાં નામ નોંધાવવા માટે પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

નામ નોંધાવવા માટે અંજનાબેન ગોર (૯૪૨૮૬ ૧૪૪૮૨), વિમળાબેન અયાચી (૯૯૨૪૩ ૨૩૭૦૪) અથવા ભારતીબેન જોષી (૨૩૨૨૭૩૨૭)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# શાળાઓમાં પરીક્ષાઓ પૂર્ણ થતાં બાળકો અને ખાસ તો મમ્મીઓ આરામથી નવરાત્રી ઉજવશે

ગાંધીનગર, તા. ૧૨

ગત તા. પાંચમીથી આરંભ પામેલી પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓની સત્રાંત પરીક્ષા મંગળવારે પૂર્ણ થઈ રહી છે, જે કારણે નવરાત્રીની ઉજવણી પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓ અને એમના પરિવારજનો ખાસ કરીને યુવા મહિલાઓ આરામથી કરી શકશે.

અગાઉનાં વર્ષોમાં એવું બનતું કે પરીક્ષાઓનો સમયગાળો નવરાત્રી પછીનો રાખવામાં આવતો હતો, જે કારણે ન માત્ર વિદ્યાર્થીઓને પરંતુ એમના વાલીઓને પણ માથે ભારણ રહેતું. પરંતુ, છેલ્લાં થોડાં વર્ષોથી એ ક્રમ બદલાયો છે અને હવે નવરાત્રી પહેલાં કમ સે કમ પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ તો આટોપી લેવામાં આવે છે. એવું જ આ વર્ષે પણ થયું છે.

મંગળવારથી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે, પરંતુ પહેલા નોરતા નિમિત્તે ગરબાનો પ્રારંભ થાય તે અગાઉ પરીક્ષાનાં ઢોલ શમી ચૂક્યાં હશે. કેટલાક વિદ્યાર્થીઓ માટે તો આજે જ પરીક્ષાનાં ઢોલ શમી ગયાં છે, બાકી રહી ગયાં છે તે સૌ માટે આવતીકાલે સત્રાંત પરીક્ષા પૂર્ણ થઈ જશે અને બાળકોની સાથે તેમના વાલીઓ પણ મુક્તિનો અનુભવ માણશે અને રંગેચંગે નવરાત્રીની ઉજવણી કરશે.

નવરાત્રીની ઉજવણી માટે કેટલીક મહિલાઓએ તો આજથી જ તૈયારીઓનો આરંભ કરી દીધો હતો, જેના કારણે બ્યુટી પાર્લર્સમાં પણ ખાસ્સી ચહલપહલ સોમવારે જોવા મળી હતી. એ જ પ્રમાણે વસ્ત્રોનાં બજાર પણ ગરમ જોવા મળ્યાં હતાં.

# વિનસ ગ્રૂપ ઑફ કૉલેજીસ દ્વારા આજે 'ઢોલીડા' ઈવેન્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

વિનસ ગ્રૂપ ઑફ કૉલેજીસ અને અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી અને બાયો રિસર્સ દ્વારા વિનસ પરિસર ખાતે ઢોલીડા નામે ગરબા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.




આસી. પ્રૉફેસર સારસ્વત વ્યાસે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે પ્રથમ નવરાત્રી નિમિત્તે મંગળનારના રોજ 'ઢોલીડા' નામક આ ગરબા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. પરિસરમાં કાર્યરત કૉલેજીસના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાશે અને ઢોલના તાલે રાસ-ગરબાની રમઝટ બોલાવશે. આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# સિસ્ટર નિવેદિતા : આયરિશ સંસ્કાર, અનન્ય ભારત પ્રેમ, અજોડ ગુરુભક્તિ અને અદ્‌ભૂત સમર્પણ

સ્વામી વિવેકાનંદ રામકૃષ્ણ પરમહંસના પ્રતાપી શિષ્ય હતા. સિસ્ટર નિવેદિતા પણ સ્વામી વિવેકાનંદના સંદેશને આગળ લઈ જનારા એવાં જ પ્રતાપી અને પ્રાણવંતા શિષ્યા હતા. જેમણે ભારતને પોતાની કર્મભુમી માની પોતાનુ આખું જીવન લોક કલ્યાણ માટે સમર્પિત કર્યું. ૨૮ ઓક્ટોબર, ૧૮૬૭માં આયર્લેન્ડમાં જન્મેલા સિસ્ટર નિવેદિતાનું મુળ નામ માર્ગરેટ એલિઝાબેથ નોબેલ હતું. પિતા સેમ્યુઅલ એક પાદરી હોવાને નાતે ધર્મ પ્રત્યેની ઉંડી શ્રદ્ધા, દલિતોની સેવા અને 'બીજાના માટે જીવવું એ જ સાચું જીવન છે 'એવો ઈશુના બલિદાનનો મંત્ર પિતા તરફથી મળ્યો. માતા મેરીએ સગર્ભાવસ્થામાં થતી મુંઝવણ અને ગભરાટ અને તેના કારણે આ નવજાત શિશુ સલામત રહેશે કે કેમ જેવી આશંકાઓથી વ્યાકુળ બનતાં પ્રભુ શાંતિ અને શક્તિ આપે તે માટે આ શિશુને પૃથ્વી પર પ્રથમ શ્વાસ લીધા પહેલાં જ તેને પ્રભુની સેવામાં અર્પિત કરી દીધું હતું.



શરુઆતને તબક્કે કલા, સાહિત્ય અને સંગીત ક્ષેત્રે સારું એવું જ્ઞાન પ્રાપ્ત કરી માર્ગરેટ ૧૭ વર્ષની ઉંમરે શિક્ષિકા બન્યા.

માર્ગરેટ ૧૦ વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન અને યુવાન વયે વિચારોમાં સામ્યતા અને જીવનનું સમાન ધ્યેય ધરાવતાં એન્જિનીયર મિત્ર વેલ્શ યુથ સાથે વિવાહ કરી સહજીવન જીવવાની યોજના પણ વિચારી હતી પરંતુ સગાઈ થાય એ પહેલા જ ટૂંકી માંદગીમાં એ મિત્રનું અકાળે અવસાન થતાં બીજો કારમો ઘા લાગ્યો. ક્યાંય આશાનું કિરણ દેખાતું નહોતું. સામાજીક અને ધાર્મિક કાર્યો કરવા છતાં તેમને સંતોષ મળતો નહોતો. ભગવાન બુધ્ધનું જીવનચરિત્ર વાંચતા કુમાર સિધ્ધાર્થ અને બાળ ઈશુના જીવનમાં ઘણું સામ્ય જણાયું. બન્ને મહાપુરુષોએ જગતના કલ્યાણ અને દુ:ખી લોકોના ઉધ્ધાર માટે જે સહન કરેલુ જે સમજાતા હૃદયને થોડી શાંતિ મળી. અંતરમાં શાંતિ અને સત્યની શોધનો પ્રયત્ન ચાલુ જ હતો ત્યાં તેમનો પરિચય મહાન દાર્શનિક અને આધ્યાત્મિક ગુરુ સ્વામી વિવેકાનંદ સાથે થયો. સ્વામીજીનો દ્રષ્ટીકોણ, વીરોચિત વ્યવહાર, આદર્શો અને સ્નેહને કારણે માર્ગરેટની જે સોચ હતી તે બદલાતા અને શ્રધ્ધાનો ઉદય થતાં મનોમન ભારતભૂમિને પોતાની વાસ્તવિક કર્મભુમિ બનાવી. એના ત્રણ વર્ષ પછી તેઓ ભારત આવ્યા. સમાજ સેવા માટે સમર્પિત અને ત્યાગની ભાવનાથી પરિપુર્ણ માર્ગરેટને સ્વામી વિવેકાનંદે ૨૫ માર્ચ ૧૮૯૮ના રોજ બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરાવ્યા બાદ પોતાની શિષ્યા તરીકે સ્વિકારી નવું નામ ભગિની નિવેદિતા રાખી ભગવાન બુધ્ધના કરુણાના પથ ઉપર ચાલવાની પ્રેરણા આપી. 'નિવેદિતા' એટલે ઈશ્વરને નૈવેદ્યરૂપે અપાયેલી. નિવેદિતા પહેલા વિદેશી મહિલા હતા કે જેમને ભારતીય મઠમાં સ્થાન મળ્યું હોય. તેઓ ગુરુ સ્વામી વિવેકાનંદને પિતાનો દરજ્જો આપતા હતા.

ગુરુ સ્વામી વિવેકાનંદ સાથે ભારત ભ્રમણ કરતાં કરતાં ચિંતન કરવાનું શરું કર્યુ. તેમના જીવના બે જ ઉદ્દેશ હતા સમાજમાં જ્ઞાનની નવજ્યોતી વિકસિત કરવી અને સમાજ સેવા માટે અધિકાધિક યોગદાન આપવું.

ગુરુ પ્રેરણાથી સ્ત્રી શિક્ષાના ક્ષેત્રમાં એવા સમયે જંપલાવ્યુ જે સમયે અમુક સમાજના લોકો પોતાની છોકરીઓને શાળાએ મોકલવા તૈયાર નહોતા. આવા સમાજમાં સ્ત્રી શિક્ષાનો ફેલાવો નિવેદિતા જેવી ચીવટવાળી મહિલાના પ્રયત્નોથી જ સંભવ થઈ શક્યો. છોકરીઓ માટે શાળા ખોલી. જેનું ઉદઘાટન રામકૃષ્ણના જીવનસંગિની મા શારદાએ કર્યુ.

સ્વામીજી સાથે તેમણે યુ.એસ અને બ્રિટનનો પ્રવાસ કરી ત્યાં હિન્દુ ધર્મ અને ભારતીય રાષ્ટ્રતા વિષેના પ્રવચનો આપ્યા. ભારતીય કલા કારીગરી ભારત અને બીજા દેશોમાં પ્રચલીત કરી. ૧૮૯૯માં કોલકતામાં ફેલાયેલ પ્લેગ જેવા ભયંકર રોગમાં પોતાનો જીવ જોખમાં મુકીની દર્દીઓની સેવા કરી. સ્વામીજીની મહાસમાધિ બાદ પુરા સાહસ સાથે આઝાદીની લડાઈમાં કુદી પડ્યા. લોકોને વેદો અને પુરાણોનું મહત્વ સમજાવી આત્મસમ્માન જગાવ્યું. ૧૯૦૨માં દેશ માટે શહીદી વહોરનાર ચાફેકર બંધુની માતાના ચરણ સ્પર્શ કરી તેમની ચરણરજ માથે ચડાવી. ૧૯૦૫માં બનારસમાં રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લીધો. આમ, ભારતની આઝાદીમાં જે મહિલાઓનું યોગદાન છે તેમાં નિવેદિતા એક હતા. ૨૦મી સદીની શરુઆતમાં બ્રિટિશ શાસનમાંથી મુક્ત થવા અને આઝાદીની ચળવળ જોર પકડે તે માટે રાષ્ટ્રધ્વજ જેવા માધ્યમ દ્વારા તમામ દેશભક્તોને એક નેજા હેઠળ લાવવા તેમણે સૌપ્રથમ ધ્વજ રજુ કર્યો. આ ધ્વજ 'સિસ્ટર નિવેદિતા ધ્વજ' તરીકે ઓળખાયો હતો.

સાહિત્ય ક્ષેત્રે તેમનું યોગદાન અમૂલ્ય હતુ.' કાલી ધ મધર ' એ તેમનું પહેલુ પુસ્તક હતું. ' ધ વેબ ઓફ ઈન્ડિયન લાઈફ 'માં પશ્ચિમી દેશોની સાપેક્ષે ભારતીય જીવનનુ ખુબજ સારું ચિત્ર પ્રસ્થાપિત કરતા આ પુસ્તકી પ્રસ્તાવના રવિન્દ્રનાથ ટાગોરે લખી છે. 'માસ્ટર એસ આઈ સૉ હિમ ' સ્વામી વિવેકાનંદના જીવન વિશેનું પુસ્તક છે.

ભગિની નિવેદિતાનો નાતો બંગાળના લગભગ બધા જ બુધ્ધિજીવીઓ સાથે હતો. શ્રીમાના દુલારી બેટી હતાં તો રવિન્દ્રનાથ ટાગોરના ભક્તિપાત્ર હતાં, વૈજ્ઞાનિક જગદીશચન્દ્ર બોઝનાં મિત્ર અને માર્ગ-દર્શક હતાં , શિલ્પકાર હેમેલ, અવનીન્દ્રનાથ ઠાકુર અને નંદલાલ બોઝનાં પ્રેરણાદાયી દેવદૂત હતા.

ભારતમાં આજે જે વિદેશીઓ પર ગર્વ કરવામાં આવે છે એમાં ભગિની નિવેદિતાનું નામ પહેલી પંક્તિમાં આવે છે. આયરિશ હોવાને નાતે સ્વતંત્રતા પ્રેમ એમના રક્તમાં હતો. શરુઆતમાં તેઓ ભારત અને બ્રિટને સાથે કામ કરવું જોઈએ એમ માનતા હતા પરંતુ જ્યારે તેમણે ભારતમાં બ્રિટીશ રાજનું આતંકી સ્વરુપ જોયું ત્યારે તે ભારતની આઝાદીની હમરાહી થઈ આઝાદીની લડાઈ લડતા દેશભક્તોની ખુલ્લેઆમ મદદ તો કરી જ છે સાથે સાથે સ્ત્રી શિક્ષણ માટે પણ મહત્વનું યોગદાન આપેલ.

તેમનામાં એક આગ હતી અને તે આગ સ્વામી વિવેકાનંદે ઓળખી. સ્વામીજી તેમને 'સિંહણ ' થી સંબોધતા હતા તો રવિન્દ્રનાથ ટાગોર 'લોકમાતા ' અને અરવિંદ ઘોષ ' અગ્નિશીખા.' ઈંગ્લેંડના લોકોમાં તે 'ધ ચેમ્પીયન ફોર ઈંડિયા ' તરીકે જાણીતા હતા. પણ બધાથી પર તેઓ ભારતના બહેન હતાં.

ઊંડી વાદળી આંખો, ભૂરા વાળ, ઊંચા એવા નિવેદિતા તેમના સરળ સફેદ ઝભ્ભા અને ગરદનમાં રુદ્રાક્ષની માળાના સાથે શુદ્ધતા અને સાદાઈની એક છબી હતા.ભારત અને હિન્દુ ધર્મ માટે સમર્પિત, સરળ અને સંયમી જીવન જીવતા ભારતમાતાની આ પવિત્ર દિકરી, ૧૩ ઓક્ટોબર ૧૯૧૧ના રોજ ૪૪ વર્ષની ઉંમરે દાર્જિલિંગ ખાતે હિમાલયની ગોદમાં પરમ શાંતિમાં પોઢી ગઈ. હિંદુ વિધિ પ્રમાણે અંતિમ સંસ્કાર થયો.

મૃત્યુ પહેલાં એમણે પોતાની સંપત્તિનું વસિયતનામું કરી નાખ્યું. તેમની પાસે જે કંઈ હતુ તે ભારતમાતાને ચરણે સમર્પી દીધું. શાળાના નિભાવ માટે પોતાનાં પુસ્તકોની રોયલ્ટી આપી દીધી.

બીજું બધું રામકૃષ્ણ મિશનને આપ્યું કે જેનો ઉપયોગ કન્યા કેળવણી અને નારી જાતિના ઉધ્ધાર માટે કરવામાં આવે.

**- સતીષ શામળદાન ચારણ**
sscharan_aaa@yahoo.co.in

# નવરાત્રિ : આરાધ્ય દેવીને પ્રસન્ન કરી તેના આશીર્વાદ મેળવવાનો અવસર

નવરાત્રિ એટલે માતાજીની આરાધનાનું પર્વ. ભારતમાં નવરાત્રિનુ વિશેષ મહત્વ છે. નવરાત્રિનો તહેવાર નવ દિવસનો છે. નવરાત્રિના નવે નવ દિવસમાં નવ દેવીઓનું વિશેષ મહત્વ છે.

નવરાત્રિ એટલે આસુરી શક્તિ પર દૈવી શક્તિનો વિજય, નવરાત્રિ એટલે અસત પર સત્યનો વિજય, નવરાત્રિ એટલે કુસંસ્કાર પર સારા સંસ્કરોનો વિજય,

પૈરાણિક કથા પ્રમાણે મહિષાસુર નામે એક રાક્ષસ હતો, તે પૃથ્વીવી પરના માનવો અને દાનવોને ખૂબ જ રંજાડતો તેથી માનવો અને દેવતાઓએ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને પ્રાર્થના કરી. તેમની આરાધનાથી ખુશ થઈ દેવતાઓએ એક દૈવી શક્તિની ઉત્પત્તિ કરી ને તેણે આ મહિષાસુર નો નાશ કર્યો.

આ દૈવી શક્તિ તે અંબા - જગદંબા. મા દુર્ગાનાં કુલ નવ સ્વરુપો છે : (૧)શૈલપુત્રિ (૨) બ્રહ્મચારિણી (૩)ચન્દ્રઘટા(૪) કૂષ્માંડા(૫) સ્કંધમાતા (૬) કાત્યાયની (૭)કાલરાત્રિ (૮)મહાગૌરી(૯) સિધ્ધિદાત્રિ.

ગુજરાતમાં અમુક પ્રાન્તોમાં ઘટ સ્થાપન કરવામાં આવે છે. એટલે કે જ્વારા વાવી તેમાં અખંડ દિવો નવે નવ દિવસ પ્રગટાવવામાં આવે છે. માતાજીને લાલ ચુંદડીથી અને ઘરેણાંથી શણગારવામાં આવે છે. તેમજ આઠમને દિવસે કુંવારી કન્યાને બોલવી તેની ચાંદલો કરી ને પુજા કરવામાં આવે છે અને તેને જમાડવામાં આવે છે.

નવરાત્રી દરમ્યાન માટીની કાણાંવાળી માટલી (ઘટસ્થાપના) ઘર પર યોગ્ય જગ્યાએ સ્થાપિત કરાય છે. તેમાં એક દીવો રાખવામાં આવે છે. નવ દિવસ માટે માટલીમાં દીવો પ્રગટાવવામા આવે છે. આ માટલી બ્રહ્માંડનું, શરીરનું પ્રતિક છે.

આ અવિરત પ્રગટાવવામાં આવતો દીવો માધ્યમ છે જેના દ્વારા ઝળહળતી આદિશક્તિ, એટલે શ્રી દુર્ગાદેવીની પૂજા થાય છે. તે આપણી અંદર રહેલી જ્યોત એટલે કે આપણાં અન્ત:કરણમાં રહેલાં પરમાત્માની શક્તિ નું એક પ્રતિક છે અને છીદ્રો એ આપણા કાણાંવાળા અવયવો નું પ્રતિક છે. જ્યારે જ્યોત પ્રગટાવામાં આવે છે ત્યારે કાણાં વાટે પ્રકાશ બહાર આવે છે. એ જ રીતે જ્યારે આપણું હૃદય શુધ્ધ થાય છે, ત્યારે તેની જ્યોત આપોઆપ જ પ્રજ્વલિત થાય છે અને આપણો પ્રકાશ બહાર આવે છે..સાધુ-મહાત્માની અંદર એટલી બધી શક્તિ હોય છે કે આપણને તેની આજુબાજુ પ્રકાશનાં વલયોનો આભાસ થાય છે અને તેમના ચહેરા ઉપર પણ તેજ જોવાય છે.

આમ આરાધ્ય દેવી ને પ્રસન્ન કરી તેનાં આશિર્વાદ મેળવવાનો સમયે એટલે જ નવરાત્રિ.

**- ભાનુપ્રસાદ એસ દવે**